### કોરોના વાયરસ કોવિડ-૧૯ની પ્રવર્તમાન સ્થિતીમાં રાજ્ય મંત્રીમંડળની સતત ચોથી વિડીયો કોન્ફરન્સ કેબિનેટ બેઠક

# રાજ્યમાં કોરોના વાયરસ સંક્રમણની સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા

### કોરોનાથી વધુ પ્રભાવિત ૭ જિલ્લાઓમાં જિલ્લાતંત્રના માર્ગદર્શન-સુપરવિઝન-અમલીકરણ માટે ૭ વરિષ્ઠ સચિવોને જવાબદારી સોંપાઇ

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની સતત ચોથી વિડીયો કોન્ફરન્સીંગ કેબિનેટ બેઠકમાં રાજ્યમાં કોરોના વાયરસના સંક્રમણની સ્થિતી અને નિવારાત્મક પગલાંઓ સહિતની બાબતોની સર્વગ્રાહી તલસ્પર્શી સમીક્ષા કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીએ વિવિધ જિલ્લા મથકોએ કલેકટર કચેરીમાંથી વિડીયો કોન્ફરન્સ દ્વારા આ બેઠકમાં જોડાયેલા મંત્રીઓ પાસેથી તેમના વિસ્તાર-જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણ અને તેને નિવારવાના આરોગ્ય તંત્ર તથા જિલ્લા તંત્ર દ્વારા લેવાઈ રહેલા પગલાંઓ, જિલ્લામાં જીવન આવશ્યક ચીજવસ્તુઓ, દૂધ-શાકભાજી, દવાઓ સહિત નાગરિક પુરવઠાની સ્થિતી, ગ્રામીણ વિસ્તારોમાં શરૂ થયેલા ઊદ્યોગ અને તેમાં મળી રહેલી રોજગારી તેમજ લોકડાઉનના પાલન અંગેની સ્થિતીની બારીકાઈથી વિગતો-ફિડબેક મેળવ્યા હતા.



શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા ગાંધીનગરથી આ વિડીયો કોન્ફરન્સ કેબિનેટમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીએ રાજ્યમાં પ્રવર્તમાન પરિસ્થિતીના સંદર્ભમાં જે એકશન પ્લાન મે-મહિના સુધીનો બનાવવામાં આવેલો છે તેને જિલ્લા કલેકટરો અને આરોગ્યતંત્ર વધુ પ્રભાવી-બનાવે તેવી તાકીદ કરી હતી. મુખ્યમંત્રીના સચિવે જણાવ્યું કે રાજ્યના માર્કેટયાર્ડ-બજાર સમિતિઓમાં તા. ૧૫ એપ્રિલથી ખેત ઉત્પાદનોની ખેડૂતો પાસેથી ખરીદી કરવાની પ્રક્રિયા મુખ્યમંત્રીના નિર્ણય મુજબ થઈ છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૨૧ માર્કેટયાર્ડ કાર્યરત થઈ ગયા છે અને સોશિયલ ડિસ્ટન્સીંગ નોર્મ્સ જાળવીને ત્યાં કામગીરી શરૂ થઈ છે તેમાં અત્યાર સુધીમાં ૨,૩૧,૦૫૪ કવીન્ટલ અનાજ અને ખાદ્ય ઉત્પાદનો વેચાણ માટે આવ્યા છે.

આ ઉત્પાદનોમાં ઘઉં ૧,૩૫,૦૨૩ કવીન્ટલ, એરંડા ૬૦૭૦૬ કવીન્ટલ તેમજ રાયડો ૧૧,૬૫૫ અને અન્ય જણસીઓ ૯૬૩૩૪ કવીન્ટલના સમાવેશ થાય છે. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યમાં તમાકુ પકવતા ખેડૂતોને તમાકુનો પાક પ્રવર્તમાન સ્થિતીમાં માર્કેટયાર્ડમાં વેચવા મળી શકે તેવો અભિગમ પણ અપનાવ્યો છે.

અશ્વિનીકુમારે આ અંગેની વિગતો આપતાં ઉમેર્યુ કે રાજ્યમાં સાવલી-વડોદરા માર્કેટયાર્ડ ૬૦ કવીન્ટલ, આણંદના પેટલાદમાં કેરયાર્ડમાં ૧૦૦ કવીન્ટલ અને મહેસાણાના વિજાપૂરમાં ખેડૂતો પાસેથી સીધી ૩૦ હજાર કવીન્ટલ તમાકુની ખરીદી થઈ છે.

મુખ્યમંત્રીના સચિવે જણાવ્યું કે રાજ્યમાં ૨૦ એપ્રિલથી ભારત સરકારની ગાઈડલાઈન્સ મુજબ ગ્રામ્ય વિસ્તારોમાં ઉદ્યોગ-એકમો કાર્યરત કરવા અપાયેલી પરવાનગીઓ અન્વયે જિલ્લાકક્ષાએથી ૩૪ હજારથી વધુ એકમોને ચાલુ કરવા મંજૂરીઓ અપાઈ છે અને ૨ લાખ ૪૦ હજાર જેટલા શ્રમિકો-કામદારોને આ ઉદ્યોગોમાં રોજગારી મળી રહી છે.

રાજ્યમાં નિર્માણાધિન એટલે કે બાંધકામ હેઠળના વિવિધ ૨૫૪ કન્સ્ટ્રકશન પ્રોજેકટસમાં ૧૭,૪૦૦ શ્રમિકો રોજી મેળવી રહ્યા છે.

મુખ્યમંત્રીએ પ્રવર્તમાન લોકડાઉનની સ્થિતીમાં અંત્યોદય ગરીબ પરિવારોને આર્થિક આધાર આપવા દ્ગહ્લજીછનો લાભ મેળવતા ૬૬ લાખ કાર્ડધારકો-ગરીબ પરિવારોના બેન્ક ખાતામાં રૂ. ૧૦૦૦ જમા કરાવવાની જે શરૂઆત કરાવી છે તેની ભૂમિકા પણ મુખ્યમંત્રીના સચિવે આપી હતી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આજથી શહેરની આંતરિક સફાઈનું અભિયાન મેયરના પત્ર પછી હાથ ધરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ૧૫૦૦ કિલો બાયો મેડિકલ વેસ્ટનો નિકાલ અત્યાર સુધીમાં કરાયો છે.
- શહેરમાં આજે પણ ૧૩૦ થી વધુ લોકો હોમ ક્વોરોન્ટાઈન હોવાનું મનપાએ તેની અખબારી યાદીમાં જણાવ્યુ છે.
- ગુજરાત સરકારે લોકડાઉનના સમયગાળામાં દિવ્યાંગોને કચેરીએ આવવામાંથી મુક્તિ આપવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં લોકડાઉનના અમલવારી પર નજર રાખવા માટે મહેસુલી અધિકારીઓ સતત ગ્રામ્ય વિસ્તારોમાં ફરી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં શાકભાજીનું વિતરણ કરતા ૫૮ જેટલા લારીવાળાઓનું મનપાની ટીમ દ્વારા સ્ક્રીનીંગ કરવામાં આવ્યુ હતુ.
- ગુજરાતમાં મેડીકલ ક્ષેત્રે કામ કરતા ૭૭ કર્મયોગીઓને કોરોના સંક્રમણ થયુ છે. જેમાં ડૉક્ટર અને પેરા મેડીકલના કર્મયોગીઓનો સમાવેશ થાય છે. ગાંધીનગર જિલ્લાના વેડા પીએચસીના કર્મયોગીઓનો આમાં સમાવેશ થાય છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ





માસ્ક ફરજિયાત છે ત્યાં સુધી આપણાં બધાં કાર્યકરો ટકા કરાવીને જ ફોટા પડાવે... જેથી લોકોને ખબર તો પડે કે આપણે છીએ...!!

## છેલ્લાં ૨૬ દિવસથી અવિરત ચાલતી સહિયર દાંડિયા ગૃપની ભોજન-સેવા

ગાંધીનગરમાં કોરોના મહામારી વચ્ચે લૉકડાઉનનાં કારણે કામધંધા ઠપ્પ થઈ ગયા છે જેના કારણે શહેરના ઝુંપડપટ્ટી વિસ્તારમા વસતા શ્રમિકો હાલાકી ભોગવી રહ્યા છે. આ સમયે ગાંધીનગરના સેકટર-૩માં 'સહિયર દાંડિયા' પરિવાર તા. ૨૭ માર્ચથી એટલે કે ૨૬ દિવસથી અવિરતપણે બે ટંક ભોજન-સેવા ચલાવાઇ રહી છે. આ ભોજન સેવા માટે બંન્ને સમય કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા ભોજન પુરું પાડવામાં આવે છે.

'સહિયર દાંડિયા' પરિવાર દ્વારા સે.૩ના સાઈબાબા મંદિર અને વાડીભાઈ પટેલના ફાર્મહાઉસ ખાતેથી આવા ભૂખ્યાને ભોજન આપવાનુ સેવા કાર્ય ચાલી રહ્યુ છે. જેમાં આશરે રોજના ૩૦૦ જેટલાં જરૂરિયતમંદોને જમવાનું પીરસવામાં આવે છે. આ ઉપરાંત ત્રણ રીક્ષા દ્વારા સે.૨, સે.૩, સે.૩ ન્યુ, સે.૪ અને સે.૫ના છાપરાંઓમાં રહેતા જરૂરીયાતમંદોને ભોજન પહોંચાડવામાં આવી રહ્યું છે. સહિયર દાંડિયા ગ્રુપના ૩૫ યુવા સ્વયંસેવકો પોતાની સુરક્ષા માટે માસ્ક-હેન્ડ ગ્લોવ્ઝ-સેનેટાઇઝર વગેરેના ઉપયોગ કરવા ઉપરાંત અંહી સોશીયલ ડિસ્ટન્સનું ચુસ્તપણે પાલન કરવા સાથે પાલન કરાવે પણ છે. આ સાથે આવનારા લાભાર્થીઓનું થર્મલ સ્કેનર દ્વારા ટેમ્પરેચર પણ ચેક કરવામાં આવી રહ્યું છે. લાભાર્થીઓને ભોજન લેતાં પહેલા સાબુથી હાથ ધોવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવું ફરજિયાત છે.





### ગાંધીનગર જિલ્લામાં વધુ ૩૦૬૧ લોકોને

## અન્નબ્રહ્મ યોજના હેઠળ વિના મૂલ્યે અનાજનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં જે લોકો ઘર વિહોણા અને પરિવાર વિહોણા છે, તેઓને અન્ન બ્રહ્મ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જિલ્લામાં અન્ન બ્રહ્મ યોજના હેઠળ ૧૦૨૧ લાભાર્થીઓને વિના મૂલ્યે સરકારે સહાય કરી છે. તે ઉપરાંત જિલ્લામાં વધુ ૩૦૬૧ લાભાર્થીઓ અન્ન બ્રહ્મ યોજનાના લાભાર્થીઓની ઓળખ થઈ છે, તેમને પણ આ યોજનાનો લાભ આપવામાં આવશે, તેવું જિલ્લા પુરવઠા અધિકારી નિરૂપા ગઢવીએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા પુરવઠા અધિકારી નિરૂપા ગઢવીએ વધુમાં જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લાના ૧,૦૯,૨૮૨ Non NFSA APL-1 કાર્ડ ધારકો માંથી ૬૪,૮૪૦ કાર્ડ ધારકો એ જ વિના મૂલ્યે અનાજ મેળવ્યું છે. તે ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં રાજય સરકારની અન્નબ્રહ્મ યોજના હેઠળ ૧૦૨૧ લાભાર્થીઓને ઘઉ, ચોખા, ખાંડ, તુવેરદાળ અને મીઠાની કિટ્સ વિના મુલ્યે આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં અન્ન બ્રહ્મ યોજના માટે સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં ૩૦૬૧ વધુ લાભાર્થીઓ આ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવ્યા છે. જેમને પણ આ યોજનાનો લાભ આપવામાં આવશે.

## મગોડી ખાતે ધો. ૧૦ની પરીક્ષા જવાબવહીનું મૂલ્યાંકન કેન્દ્ર સેનેટાઈઝેશન કરાયું

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકાની



મગોડી ખાતે પી.આર. ઠક્કર વિદ્યાવિહાર શાળામાં ચાલુ સાલે લેવાયેલી ધો. ૧૦ની પરીક્ષાની જવાબવહીનું મુલ્યાંકન કેન્દ્રમાં સ્થાનિક જિલ્લાના ૫૯ મુલ્યાંકનકારો દ્વારા જવાબવહીનું મુલ્યાંકનની કામગીરી ચાલી રહી છે. જેમાં મધ્યસ્થ મુલ્યાંકનના આ કેન્દ્રને કોરાના વાયરસના સંક્રમણને ધ્યાનમાં લઈને સંપૂર્ણ સેનેટાઈઝેશન કરવામાં આવ્યુ હતુ.

આ ઉપરાંત કેન્દ્રમાં મુલ્યાંકનકારોને માસ્કનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. સાથોસાથ સોશિયલ ડિસ્ટન્ટનું સંપૂર્ણ પાલન દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. કેન્દ્રના સંવાહક તરીકે આચાર્ય મનુભાઈ પ્રજાપતિ તથા સર્વે મુલ્યાંકનકારો સાથ-સહકારથી સંતોષકારક કાર્ય પૂર્ણ કરવા કટીબદ્ધતા વ્યક્ત કરી રહ્યા છે.



ગાંધીનગર શહેરના સેકટર-૬ બી ખાતે રહેતા એક સરકારી નિવૃત મહિલા કર્મચારી એકલા રહે છે. ત્યારે લોકડાઉનમાં તેમની સોસાયટીમાં શાકભાજી કે ફ્રુટનું વેચાણ કરતા વેપારીઓ આવતા ન નથી. જેથી તેઓએ તેમની સમસ્યા પોતાને દિકરાને કરી હતી અને દિકરાએ જિલ્લા પોલીસ વડાને ઈમેલ દ્વારા જાણ કરીને જરુરી શાકભાજી અને ફ્રુટની વ્યવસ્થા પોતાની માતા માટે થાય તે માટે રજુઆત કરી હતી. ત્યારે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ આ વાતને તુરંત ધ્યાને લઈ જરુરી શાકભાજી અને ફ્રુટ તાત્કાલીક અસરથી આ વૃધ્ધ મહિલા કર્મચારીના નિવાસ સ્થાને પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. જેથી પોલીસ તંત્રની આ કામગીરી જોઈ મહિલા પણ આનંદિત થઈને તેમની કામગીરીને બિરદાવી હતી.

## કોલવડા ગામે આધેડ પર ચાર શખ્સોનો હુમલો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીક કોલવડા ગામે આધેડ પર ગામના જ ૪ યુવાનોએ હુમલો કર્યો છે. કોલવડા રાવળવાસમાં રહેતા બળવંતભાઈ બળદેવભાઈ રાવળ (ઉં.૪૦) એ પોતાના વિશે ખોટી વાતો ન કરવા કહ્યું હતું. જેથી ચાર શખ્સોએ ફરીયાદ પર હુમલો કરી ઈજા પહોંચાડતા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાયા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકમાં બળવંત રાવળની ફરીયાદ લઈ ગુનો નોંધી ચાર શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ કોલવડા રાવળ વાસ ખાતે રહેતા બળવંતભાઈ બળદેવભાઈ રાવળ (ઉં.૪૦)ના વાસમાં વાતો ચાલી રહી હતી કે બળવંતભાઈ રાળળ પરમારવાસમાં રહેતા માણસોને બિવડાવી આવ્યા છે. જેથી ફરીયાદીએ મંગળવારે વાસમાં રહેતા ચેતન તેમજ નરેશ રાવળને પોતાના વિશે ખોટી વાતો ન કરવા માટે જણાવ્યું હતું. ત્યારબાદ રાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં ચેતને ફોન કરીને બળવંતભાઈને બહાર બોલાવ્યા હતા. ફરીયાદી ઘરની બહાર આવતા જ ચેતન અને નરેશ ગાળાગાળી કીરને અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ સમયે તે બંન્નુ ઉપરાણુ લઈને જીગર કનુભાઈ રાવળ તેમ વિશાલ ઉર્ફે ભાણો પણ આવી ગયો હતો. ઉગ્રબોલાચાલી અને હોહા થતા પરિવારના સભ્યો અને વાસમાં રહેતા નાગરીકો પણ બહાર આવી ગયા હતા.આ સમયે ચેતન રાવળે બોલાચાલીને પગલે ફરીયાદીના ભાઈને માથાના ભાગે તલવાર મારી દીધી હતી. જયારે નરેશ, જીગર અને બાણાએ ધોકાઓ વડે ફરીયાદી તેમજ તેમના કાકાને માર માર્યો હતો.ત્યારબાદ ચારેય જણા ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત નાગરીકોને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. જેમાં ફરીયાદીના ભાઈને માથાના ભાગે ટાંકા લેવા પડ્યા હતા. જયારે તેમના કાકાને ડાભા હાથે ફ્રેકચર અને ફરીયાદી અને તેમના કાકાને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. બનાવ અંગે પેથાપુર પોલીસે ચેતન રાવળ, નરેશ રઈજી રાવળ, જીગર ઉર્ફે દશરથ રાવળ, વિશાલ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મહારાષ્ટ્રથી ગાંધીનગર આવેલ સગીર સામે ગુનો નોંધાયો

ગાંધીનગર, તા. ૨૨

કોરોનાએ કોહરામ મચાવતા સમગ્ર ભારતમાં લોકડાઉન ચાલી રહ્યું છે. ત્યારે મંજુરી વિના મહારાષ્ટ્રના ભુસાવળથી ગાંધીનગર આવેલ સગીર સામે પોલીસે ગુનો નોંધ્યો છે. સેકટર-૮ વિસ્તારમાં રહેતો ૧૭ વર્ષિય સગીર ડિસેમ્બર માસમાં તબલીગી જમાતની મરકજમાં ગયો હતો. લોકડાઉન વચ્ચે પણ ગાંધીનગર ખાતે આવી પહોંચેલા સગીર બુધવારે બપોરના સુમારે સામેથી પોલીસ મથકે ગયો હતો. જો કે તેણે મહારાષ્ટ્રથી ગાંધીનગર આવવા માટે કોઈ મંજુરી લીધી ન હતી. અને કોરોના અંગેનો કોઈ ટેસ્ટ કરાવવા માટે સેન્ટર પર પણ ગયો ન હતો. જેથી પોલીસે સગીર સામે જાહેરનામા ભંગ બદલ, મહામારી અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## એચડીએફસીની અમદાવાદમાં મોબાઈલ એટીએમ સેવા

અમદાવાદ,તા.૨૨

લોકડાઉન દરમિયાન ગ્રાહકોને સહાયરૂપ થવા માટે એચડીએફસી બેંકે હવે અમદાવાદમાં મોબાઈલ ઓટોમેટેડ ટેલર મશીન (એટીએમ)ની સેવા શરૂ કરી હતી. આ મોબાઈલ એટીએમની સેવાને પગલે લોકોએ રોકડ ઉપાડવા માટે પોતાના વિસ્તારની બહાર નીકળવાની જરૂર નહીં રહે. અમદાવાદ શહેર પહેલાં બેંકે આ પ્રકારની મોબાઈલ એટીએમની સેવા મુંબઈ, નવી દિલ્હી, અલ્હાબાદ, કોઈમ્બતુર, ચંડીગઢ, ચેન્નઈ, પૂણે, હેદરાબાદ અને ભુવનેશ્વરમાં પણ શરૂ કરી હતી. અમદાવાદમાં સ્થાનિક મ્યુનિસિપલ સત્તાની સલાહ લઈને આ એટીએમને તૈનાત કરવાના સ્થળોને ઓળખી કાઢવામાં આવ્યાં હતાં. આ મોબાઈલ એટીએમ નિશ્ચિત સમયગાળા માટે પ્રત્યેક સ્થળે સંચાલન કરશે. આ સમયગાળા દરમિયાન મોબાઈલ એટીએમ સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યાની વચ્ચે ૩-૫ સ્ટોપને આવરી લેશે. મોબાઈલ એટીએમ ખાતે સ્ટાફ અને ગ્રાહકોની સલામતી સુનિશ્ચિત કરવા એટીએમ માટે કતાર લગાવતી અને સ્વચ્છતા જાળવતી વખતે સામાજિક અંતર જાળવવાના સંદર્ભમાં તમામ જરૂરી સાવચેતીઓ લેવામાં આવી રહી છે. એચડીએફસી બેંકના બ્રાન્ચ બેંકિંગ હેડ શ્રી થોમસન જૉસએ જણાવ્યું હતું કે, આ કપરાં સમયમાં લોકોને સ્ટે હોમ એન્ડ સ્ટે સેફનું સૂત્ર ચરિતાર્થ કરવામાં મદદરૂપ થવા અમે અમારી ભૂમિકા ભજવવા માંગીએ છીએ. અમારી મોબાઈલ એટીએમ સુવિધા અમારા ગ્રાહકો અને જનતાને સરળતાથી નાણાં ઉપાડવા તથા અન્ય સુવિધાઓનો ઉપયોગ કરવામાં મદદરૂપ થશે.

## કોરાનાના સંક્રમણથી બચવા હમણાં શાકભાજીની ખરીદી ન કરવી સલાહભર્યુ

### અમદાવાદમાં શાકભાજીના લીધે કોરોનાનુ સંક્રમણ થયુ હોવાના દર્દીઓ વધ્યા : પોલીસ પણ સતત અપીલ કરી રહી છે : નગરની ગૃહીણીઓ શાકભાજીના બદલે કઠોળનો વધુ ઉપયોગ કરે

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં કોરોનાના હાલ એક પણ કેસ નથી. શહેરને કોરોનામુક્ત જાહેર કરાયા બાદ પણ કોરોનાનુ સંક્રમણ ફેલાતુ અટકાવવા લોકડાઉન વચ્ચે પણ વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. આવા સંજોગોમાં અમદાવાદના કેટલાક વિસ્તારમાં શાકભાજીના લીધે કોરોનાનુ સંક્રમણ વધ્યુ હોવાની ચોંકવનારી હકીકત પ્રકાશમાં આવી છે. ત્યારબાદ અમદાવાદમાં શાકભાજીની ખરીદી હમણાં ન કરવા માટે પણ સતત તાકીદ કરવામાં આવી રહી છે. આવા સંજોગોમાં ગાંધીનગરમાં પણ અમદાવાદથી જ શાકભાજી આવતુ હોવાથી નગરજનોએ હાલ શાકભાજીનો ઉપયોગ ટાળવો જોઈએ. રસોઈમાં કઠોળ સહીત અન્ય ખાદ્યસામગ્રીનો ઉપયોગ વધારી થોડા દિવસો માટે શાકભાજીની ખરીદી ન કરવી જોઈએ તે પણ સલાહભર્યુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

શહેરમાં કોરોના વાયરસનો હાલ એક પણ નવો કેસ નથી. જયારે ગાંધીનગર શહેર કોરોના મુક્ત જાહેર કરી દેવાયુ છે. પરંતુ હજુ પણ રાજયના અમદાવાદ, સુરત , વડોદરા અને ભાવનગર સહીતના શહેરોમાં કોરોનાના કેસમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. રોજબરોજ કોરોનાના વધુ કેસો બહાર આવતા આરોગ્ય અને પોલીસ તંત્ર પણ આ મહામારી સામે રાત દિવસ લડત આપી રહ્યુ છે. નાગરિકો લોકડાઉનની સ્થિતિ વચ્ચે ઘરમાં પુરાયેલા છે. ત્યારે ગાંધીનગરમાં પણ દિવસ દરમિયાન સન્નાટો જોવા મળી રહ્યો છે. શહેરમાં આકરી ગરમી વચ્ચે લોકડાઉનની અસર વધુ કડક જોવા મળી રહી છે. જો કે સરકારી કચેરીઓ ચાલુ થઈ ત્યારબાદ શહેરના માર્ગો પર થોડી અવરજવર વધી છે. પરંતુ કામ સિવાય નગરજનો બહાર નિકળતા નથી. આવા સંજોગોમાં કોરોનાને ફેલાતો અટકાવવા પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે. અમદાવાદમાં શાકભાજી વેચતા ફેરીયા કોરોનાનો શિકાર બનતા શાકભાજી ન ખરીદવા માટે અલબત્ત વિશેષ સાવચેતી રાખવા માટે પણ પોલીસતંત્ર સતત તાકીદ કરી રહ્યુ છે.

શાકભાજી ખરીદીને ડોલમાં પલાળીને ખાવાના સોડા બે ચમચી નાંખી થોડા સમય બાદ તેનો યોગ્ય ઉપયોગ થાય તે અંગેના પોલીના વિડીયો પણ સોશિયલ મીડીયામાં વાયરલ થયા છે. ત્યારે ગાંધીનગરમાં પણ કોરોનાનો ચેપ ફેલાતો અટકાવવા શાકભાજીની ખરીદી પર નિયંત્રણ આવે તે અનિવાર્ય હોવાનુ સ્પષ્ટ થયુ છે. ગાંધીનગરમાં પણ શાકભાજી અમદાવાદથી ઠલવાય છે. ત્યારે શાકભાજીની ખરીદીના અંતે કોરોનાનુ સંક્રમણ થવાનો પણ ભય હોવાનુ સ્પષ્ટ થયુ છે. આવા સંજોગોમાં થોડા દિવસો શાકભાજીની ખરીદી ન કરવુ જ સલાહભર્યુ હોવાનુ પણ નિષ્ણાંતો માની રહ્યા છે. નગરની ગૃહીણીઓ આમ પણ રસોઈ બનાવવામાં માસ્ટર છે. અલબત્ત શાકભાજી સિવાય ઘણીબધી વેરાઈટીઝ બની શકે તેમ છે. હમણાં ઓછામાં ઓછા ૧૦ દિવસ રસોઈમાં કઠોળનો વિશેષ ઉપયોગ કરી અઠવાડીયા સુધી શાકભાજી ન ખરીદવી જાઈએ. શાકભાજીનો ઉપયોગ ટાળી હાલ સર્જાયેલી સ્થિતિમાં કોરોનાથી બચવા માટે વિશેષ તકેદારી રાખવાની અનિવાર્યતા છે.